# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 28-05-2025 Day: Wednesday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## ગ્રામ પંચાયત ચુંટણી:

ગાંધીનગર ખાતે રાજ્ય ચૂંટણી પંચના કમિશનર દ્વારા રાજ્યમાં ગ્રામ પંચાયતની ચૂંટણીઓની જાહેરાત કરવામાં આવી છે. રાજ્યના ચૂંટણી કમિશનર ડોકટર એસ મુરલીકૃષ્ણ ચૂંટણીની જાહેરાત કહ્યું કે ચૂંટણીનું જાહેરનામું 2જી જૂન 2025ના પ્રસિદ્ધ કરાશે.. ઉમેદવારી પત્ર ભરવાની છેલ્લી તારીખ 9 જૂન, 2025 છે, જ્યારે 10 જૂને ઉમેદવારી પત્રોની ચકાસણી થશે. ઉમેદવારો 11 જૂન સુધી પોતાનું નામાંકન પાછું ખેંચી શકશે. મતદાન 22 જૂનના સવારે 7 થી સાંજે 6 વાગ્યા દરમિયાન યોજાશે, અને મતગણતરી 25 જૂનના હાથ ધરાશે. જરૂર જણાશે તો 24 જૂનના પુન: મતદાન યોજાશે. ગ્રામ પંચાયતની ચૂંટણીમાં બેલેટ પેપરનો ઉપયોગ કરવામાં આવશે. ચૂંટણી પંચ દ્વારા રાજ્યની 8326 ગ્રામ પંચાયતોની ચૂંટણીની જાહેરાત કરાઈ છે. તેમાં 4688 ગ્રામ પંચાયતોની સામાન્ય, મધ્યસત્ર અને વિભાજન ચૂંટણી જ્યારે 3638 ગ્રામ પંચાયતોની પેટાચૂંટણી યોજાશે. કચ્છમાં 407 ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાશે.

---------------------------------------------------------------------------------------------

## ગુજરાતમાં મોકડ્રીલ-:

ઓપરેશન સિંદૂર બાદ ગુજરાત સહિત દેશના પાંચ રાજ્યમાં મોકડ્રીલ યોજાશે. આવતીકાલે સાંજે 5થી 8 દરમિયાન મોકડ્રીલ યોજાશે. રાજસ્થાન, પંજાબ, ગુજરાત, હરિયાણા અને જમ્મૂ-કશ્મીરમાં મોકડ્રીલનું આયોજન કરાયું છે. આયોજનની તૈયારી માટે આજે એક ઉચ્ચસ્તરીય બેઠક યોજાઇ હતી. મોકડ્રીલનો હેતુ સીઝફાયર બાદ સતર્કતા જાળવવા અને કટોકટીની સ્થિતિમાં નાગરિકો અને વહીવટી તંત્રની તૈયારી તપાસવાનો છે. આવતીકાલે ભુજના સ્મૃતિવન ખાતે મોકડ્રીલ યોજવામાં આવશે. ઓપરેશન શિલ્ડ મોકડ્રીલ સંદર્ભે મહેસૂલ વિભાગના

અધિક મુખ્ય સચિવ ડૉ. જયંતી રવિએ આજે રાજ્યના તમામ જિલ્લા કલેક્ટરો સાથે વિડીયો કોન્ફરન્સના માધ્યમથી જિલ્લા વહીવટી તંત્ર દ્વારા મોકડ્રીલ અન્વયે તૈયારીઓની વર્ચ્યુઅલ સમીક્ષા કરી હતી.

ઉલ્લેખનીય છે કે 7 મેના રોજ દેશના 244 જિલ્લાઓમાં મોકડ્રીલ યોજાઈ હતી, જેમાં ગુજરાતના 18 જિલ્લાઓએ ભાગ લીધો હતો.

---

## કચ્છમાં કોરોના -:

રાજ્ય સહિત દેશમાં કોરોનાના કેસોમાં સતત વધારો થઇ રહ્યો છે. કચ્છમાં પણ કોરોનાએ પુન: એકવાર દસ્તક દેતાં ચિંતા ફેલાઇ છે. ગઇકાલે ભુજમાં બે અને ગાંધીધામમાં એક મળી કુલ ત્રણ વ્યકિતઓ કોરોના સંક્રમિત થયા હતા જ્યારે આજે ભુજમાં નવા ત્રણ કોરોના પોઝિટીવ કેસ આવ્યા છે. આમ કચ્છમાં કોરોના પોઝિટિવ વ્યક્તિઓની સંખ્યા 6 પર પહોંચી છે. સંક્રમિત થયેલા તમામ લોકોને હોમ ક્વોરેન્ટાઇન કરવામાં આવ્યા છે. હાલમાં તમામની સ્થિતિ સ્વસ્થ છે. જે કોઇપણ વ્યક્તિની શરદી, ઉધરસ, સામાન્ય તાવ હોય તો નજીકના સરકારી આરોગ્ય હોસ્પિટલમાં અથવા ભુજની જી.કે. જનરલ હોસ્પિટલમાં જરૂરી નિદાન કરી અને સારવાર લેવા ઇન્ચાજ આરોગ્ય અધિકારી ડો. કેશવકુમાર દ્વારા જણાવ્યું છે.

---

## ગાંધીધામ-સિંગલ યુઝ પ્લાસ્ટિક વિરૂધ્ધ ઝુંબેશ-:

ગાંધીધામ મહાનગરપાલિકા પાંચ જૂન સુધી પ્લાસ્ટિક પ્રદૂષણનો અંત લાવવા માટે સિંગલ યુઝ પ્લાસ્ટિકનો ઉપયોગ બંધ કરવા માટેની ઝુંબેશ ચલાવશે અને દુકાનદારો પ્રતિબંધિત પ્લાસ્ટિક વેચાતા પકડાશે તો તેમની પાસેથી દંડની વસૂલાત કરશે. તપાસ દરમિયાન જો શહેરી ફેરિયાઓ પાસેથી આ પ્રતિબંધિત પ્લાસ્ટિક મળી આવશે તો 500 રૂપિયાના દંડની વસૂલાત કરાશે. દુકાનદાર પાસેથી 1000 રૂપિયા અને હોલસેલર પાસેથી 5000 રૂપિયા

અથવા તો પ્રતિ કિલો 200 રૂપિયા જે વધારે હોય તેની વસૂલાત કરાશે તેવું વહીવટી તંત્ર દ્વારા જણાવાયું છે.

---

## વન કવચ નોખાણિયા-મંત્રી મુળુભાઈ બેરા:

પર્યાવરણ વિભાગના મંત્રી મૂળુભાઇ બેરાના હસ્તે વન કવચ નોખાણિયાનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્ય અતિથી મંત્રી મૂળુભાઇ બેરા દ્વારા જણાવવામાં આવેલું કે, કુદરતી તળાવના કિનારે તૈયાર થયેલું આ વન કવચ પશુ-5ક્ષીઓ માટે ખૂબ જ ઉપયોગી સાબિત થનાર છે. એક વર્ષમાં તૈયાર થયેલા આ વન કવચમાં 10,000 રોપાઓની વૃદ્ધિ ખૂબ જ સારી જણાય છે.

---

## કચ્છ-12 ટ્રેનની ટ્રીપ  રદ:

અંજાર તાલુકા ભીમાસર રેલવે સ્ટેશન ખાતે નોન ઇન્ટરલોકિંગનાં કામને કારણે કચ્છથી અમદાવાદ, રાજકોટ અને રાજસ્થાન તરફ જતી 12 ટ્રેનની ટ્રીપ બે દિવસ સુધી સંપૂર્ણપણે રદ કરવામાં આવી છે. આવતીકાલે  29 તારીખની અમદાવાદ-ભુજ નમો ભારત, 30 તારીખે ભુજ-અમદાવાદ નમો ભારત,  29 મેના જોધપુર- ગાંધીધામ એક્સપ્રેસ, 29 અને 30 મેના ગાંધીધામ-જોધપુર ટ્રેન,  29 અને 30 ના ગાંધીધામ- પાલનપુર-ગાંધીધામ ટ્રેન અને 29 તથા 30ના ભુજ-રાજકોટ-ભુજ ટ્રેન સંપૂર્ણ રદ કરવામાં આવી છે.

---

## હવામાન:

વૈશાખ માસના અંતિમ દિવસે કચ્છમાં ધૂપ-છાંવ ભર્યા ધૂંધળા માહોલ વચ્ચે ઉકળાટના પ્રભાવથી જનજીવન આકુળવ્યાકુળ બન્યું છે. ગઇકાલે જિલ્લા મથક ભુજમાં એક ડિગ્રીના ઘટાડા સાથે મહત્તમ પારો 39.7 ડિગ્રીએ પહોંચ્યો હતો. આજે વાતાવરણમાં ભેજનાં ઊંચા પ્રમાણના

લીધે લોકો પરસેવે ન્હાયા હતા. હવામાન વિભાગે વાતાવરણમાં મોટા ફેરફારની સંભાવના નકારી છે. ચોમાસાંનો સમયગાળો જેમ નજીક આવશે તેમ વરસાદી ઉકળાટ પણ વધતો જશે તેવું હવામાન નિષ્ણાતો કહી રહ્યા છે.

---------------------------------------------------------------------------------------------------